# <u>શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ</u>

**વેબસાઇટ: https://www.srksm.org/**

## <u>જુનિયર કલાર્ક, સિનિયર કલાર્ક તથા હેડ કલાર્કના ઉમેદવારો માટે સામાન્ય સૂચનાઓ અને શરતો</u>

### (A) સામાન્ય સૂચનાઓઃ

1. અરજી કરવા માટેની વિગતવાર સુચનાઓ સહિત સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ધ્યાનથી વાંચવી જરૂરી છે.
2. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સુચનાઓ મંડળની વેબસાઇટ https://www.srksm.org/ પર મુકવામાં આવશે, તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું. ઉમેદવારે જરૂરી પ્રમાણપત્રો સાથે રજીસ્ટર એ.ડી.થી મંડળની વેબસાઇટ પર આપેલ નિયત ફોરમેટમાં જ અરજી કરવાની રહેશે. અધૂરી વિગતોવાળી કે આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે.
3. ઉમેદવારે અરજી કરતાં પહેલા સબંધિત જગ્યાના નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર અંગેની તમામ બાબતોમાં લાયકાત ધરાવે છે કે કેમ તે અંગેની ખાત્રી કર્યા બાદ જ અરજી કરવાની રહેશે.
4. અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતની વિગતો સંપુર્ણ તકેદારી રાખીને ભરવાની રહેશે. અરજીમાં દર્શાવેલ ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર બનશે.
5. એકથી વધુ સંવર્ગ માટે અરજી કરવાની આવશ્યકતાઓ જણાય તો દરેક જગ્યા માટે અલગથી અરજી કરવાની રહેશે. ઉમેદવારે દરેક જગ્યા અંતર્ગત અલગ-અલગ અરજી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે તથા દરેક જગ્યા માટે અલગથી ફી ભરવાની રહેશે.
6. ફક્ત ભારતીય નાગરિકત્વ ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
7. અરજી માટે ભરેલ પ્રોસેસિંગ ફી રીફંડ મળવાપાત્ર રહેશે નહી.
8. જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, તથા અન્ય જરૂરી લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.
9. ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.
10. પસંદગી પામનાર ઉમેદવારે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના CCC/CCC+ (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરેલ છે તે મુજબ CCC/CCC+ ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.
11. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા અંગેની કોઇપણ પ્રકારની આરટીઆઇ એક્ટ હેઠળની માહિતી માંગતી કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
12. રાજ્ય સરકાર/મંડળ/યુનિવર્સિટી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમો અરજદારોને લાગુ પડશે.
13. પસંદગી પામેલ ઉમેદવારને કોલેજ તથા મંડળ જે કોઈ વધારાની જવાબદારી કોઇપણ વિભાગમાં સોંપશે તે નિભાવવાની રહેશે.
14. ઉમેદવારના નામમાં, અટકમાં જો કોઈ તફાવત હોય તો (લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા લાગુ પડતુ અન્ય) તે અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા અરજી સાથે અચૂક બીડવાના રહેશે.
15. ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો

નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ્દ કરી પડતો મુકી શકાશે. નિમણૂક બાબતે મંડળનો નિર્ણય આખરી ગણાશે.

**16.** ઉમેદવારોએ મંડળ તરફથી લેખિત પરીક્ષા/રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

**17.** ઉપરોક્ત તમામ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી/મંડળના પ્રવર્તમાન ધારાધોરણો અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવાપાત્ર રહેશે.

**18.** લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની તમામ સુચનાઓ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઈ-મેઈલ પર આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબધિત કોલમમાં ઉમેદવારે મોબાઈલ નંબર/ઈ-મેઇલ અવશ્ય દર્શાવવો અને પ્રક્રિયા પૂર્ણ થયા સુધી નંબર/ઈ-મેઈલ જાળવી રાખવો અનિવાર્ય છે. મોબાઈલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે ઉમેદવારને SMSથી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.

**19.** જાહેરાત, ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાઓ કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા જણાય તેવા સંજોગોમાં આ અંગેનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

**20.** ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર આણંદ પુરતુ મર્યાદીત રહેશે.

**21.** ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે તેના પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાંજ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂંકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઇ મુશ્કેલી ન અનુભવાય.

**22.** નોકરી કરતા ઉમેદવારોએ તેમની સંસ્થામાંથી NOC લઈને અરજી સાથે ફરજીયાત બીડાણ કરવાનું રહેશે.

## (B) ફી:

1. તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂા. ૧૦૦૦/- નો નોન-રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ "**SHRI RAMKRISHNA SEVA MANDAL**" ના નામનો બિડાણ કરવાનો રહેશે.
2. ફી ભર્યા બાદ, કોઈ પણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર રહેશે નહીં તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

## (C) વયમર્યાદા:

1. જાહેરાતની અરજીઓ સબમીટ કરવાની અંતિમ તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
2. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઇ શકશે નહીં.
3. અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.
4. ઉમેદવારની ઉંમર મૂળ જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.
5. **EWS** કેટેગરીના ઉમેદવારોને સરકારશ્રીના નિયમોનુસાર ૫ વર્ષ છૂટછાટ મળવાપાત્ર છે.

## (D) શૈક્ષણિક લાયકાત:

1. જાહેરાતમાં માગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી.
2. ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત ભારતની સંસદ કે રાજય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એકટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એકટ ૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

3. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં.
4. યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર જરૂર પડેથી રજૂ કરવાની રહેશે. સદર નિયમો સક્ષમ સત્તા દ્વારા પ્રમાણિત હોવા જરૂરી છે.
5. ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.
6. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

જાહેરાતમાં અનુભવ માગવામાં આવ્યો ના હોય તો પણ ઉમેદવારે અનુભવ ધરાવતા હોય તો તે અંગેની વિગતો અરજીપત્રકમાં દર્શાવવી.

અનુભવ તરીકે પગાર ધોરણ પણ દર્શાવેલ હોય તો અનુભવ અંગેના પ્રમાણપત્રમાં પગારધોરણને લગતી બાબતો તથા તે અંગેના જરૂરી આધારો જયારે મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

## (E) કોમ્પ્યુટરની જાણકારી:-

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટરજ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

## (F) આર્થિક રીતે નબળા વર્ગો:-

1. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
2. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂના પ્રમાણે અરજી સાથે બીડવાનું રહેશે.
3. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), અરજી જમા કરાવ્યા બાદ કોઈપણ સંજોગોમાં કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે. તો તેવી અરજી રદ્દ થશે.
4. ઉમેદવારોએ અરજી પત્રકમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક/દાવો માન્ય રાખવામાં આવશે નહી.
5. જે સંવર્ગની જગ્યાઓ **EWS** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારો માટે અનામત છે તેવા **EWS** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ:૨૪/૦૧/૨૦૧૯ ઠરાવ ક્રમાંક:ઈ.ડબ્લ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલા નમૂના (અંગ્રેજીમાં એનેક્ષર અથવા ગુજરાતીમાં પરિશીસ્ટ-ગ) માં મેળવેલી આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર અરજી કરતી વખતે સાથે જોડવાનું રહેશે. સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબ્લ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો માટેનાં પાત્રતા પ્રમાણપત્રો ઇશ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું

પાત્રતા પ્રમાણપત્ર, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે અથવા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ભારત સરકાર હેઠળના અનામતના લાભ માટે મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે, અન્યથા તેઓ બિનઅનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

## (G) પરીક્ષા પદ્ધતિ:-

1. સંચાલક મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં રજી.એ.ડી.થી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૧૫/૦૧૫/K તેમજ - 2) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૩૧/૦૧૨૫/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે.
2. તબકકો-૧ પ્રાથમિક પરીક્ષા (જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની સંયુકત પરીક્ષા)

| | | |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitative Aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | **Total** | **100 Marks** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબકકા માટે પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

3. **તબકકો - ૨ મુખ્ય પરીક્ષા:-**પ્રથમ તબકકાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટી વિભાગના તા.:૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા મુજબ સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્ક માટે વર્ણાત્મક પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix-

H મુજબ રહેશે. જુનિયર ક્લાર્ક માટે તબક્કો- **૨** માં MCQ ધરાવતી પદ્ધતિથી Appendix-I મુજબ સ્પર્ધાત્મક મુખ્ય પરીક્ષા લેવામાં આવશે.

4. **લઘુત્તમ લાયકી ધોરણ:-**પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.

ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી.

**Appendix – G**

**Subject of Main Examination for the Post of Senior Clerk & Head Clerk**

| **Paper No.** | **Subject** | **Marks** | **Duration** |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | 3 Hours |
| II | English Language Skill | 100 | 3 Hours |
| III | General Studies (Medium- Gujarati) | 150 | 3 Hours |
| | **TOTAL** | **350** | |

## (H) પગાર ધોરણ: -

નાણાં વિભાગનાતા.૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-૧ તથા છેલ્લી નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૭ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણાં વિભાગના તા.૨૮/03/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭(પાટર-3)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| **ક્રમ** | **સંવર્ગ** | **પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર** |
|---|---|---|
| 1 | જુનિયર ક્લાર્ક | ૨૬૦૦૦/- |
| 2 | સિનિયર ક્લાર્ક | ૨૬૦૦૦/- |
| 3 | હેડ ક્લાર્ક | ૪૦૮૦૦/- |

## (I) પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ :-

1. ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્ક માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ-અલગ યાદી તૈયાર કરી મંડળની વેબસાઈટ પર

પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

2. સંચાલક મંડળ દ્વારા બીજા તબકકાની મુખ્ય પરીક્ષાના અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ ભરવાની થતી જગ્યાના આધારે જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્ક માટે અલગ-અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.
3. સંસ્થા જે કોઈ ઉમેદવારને નીચે મુજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.
   - **(1)** ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે સંસ્થાના કોઇ અધિકારી/કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.
   - **(2)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.
   - **(3)** ખોટી અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેમની અરજીઓ રદ કરવામાં આવશે.
   - **(4)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.
   - **(5)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇ પણ ગેરરીતિ આચરવા માટે
   - **(6)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખાણ માટે.
   - **(7)** OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થતી હોય તેવા પ્રયાસ કરવા.
   - **(8)** પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે
   - **(9)** પરીક્ષાના સંચાલન કરવા માટે સંસ્થામાં રોકેલા કર્મચારીઓ સાથે સીધી કે આડકતરી રીતે કનડગત કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે.
   - **(10)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહી પાત્ર થવા ઉપરાંત (ક) સંસ્થા, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) સંસ્થા સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈ પણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકાશે.

## (J) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ છે. જે સંપૂર્ણ નથી.)

1. મંડળ ધ્વારા વેબસાઇટ પર મુકેલ નિયત ફોરમેટમાં અરજી કરેલ ન હોય.
2. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તથા પૂરતા આધાર પુરાવો રજૂ ના કર્યા હોય તેવી અરજીઓ
3. અરજીમાં ઉમેદવારની સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો ન હોય.
4. અરજી ફેક્સથી, ઇ-મેઇલથી મોકલાવેલ હોય.
5. ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.
6. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવારને ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

## (K) ગેરવર્તણૂંકઃ

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈ પણ સંજોગોમાં સુધારો કે ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડા કરવા નહીં અથવા તેઓએ આવાં ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક પણ બાબતના દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઈ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતાઓ જણાય તો તેની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઈ પણ ઉમેદવાર સંસ્થા દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

**તારીખ: ૨૮/૧૦/૨૦૨૫** | **માનદ્ મંત્રીશ્રી**

**સ્થળ: આણંદ** | **શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ**

**Appendix -H**

| Main Exam Syllabus (Descriptive Test for Senior Clerk & Head Clerk) | | |
|---|---|---|
| **Paper- 1** | **ગુજરાતી (મુખ્ય પરીક્ષા)** | **(Descriptive)** |
| **ગણુ – ૧૦૦** | **માધ્યમ – ગુજરાતી** | **સમય – 3 કલાક** |

| **અનું ક્રમ** | **અભ્યાસક્રમ વિગત** | **ફાળવાયેલ ગુણ** |
|---|---|---|
| ૧ | નિબંધ:-ત્રણ પૈકી કોઇપણ એક (આશરે૨૫૦ થી ૩૦૦શબ્દોમાં) (વર્ણનાત્મક વિશ્લેષણાત્મક ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨ | વિચારવિસ્તાર (બે પૈકી કોઈ પણ એક) કાવ્યપંક્તિઓ કે ગધસૂક્તિનો વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩ | સંક્ષેપીકરણ : આપેલા ગધખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪ | ગધસમીક્ષા: આપેલા ગધખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો | ૧૦ |
| ૫ | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયારકરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |
| ૬ | પત્રલેખન (અભિનંદન શુભેચ્છા વિનંતી ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૦૫ |
| ૭ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮ | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯ | ભાષાંતર: અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦ | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં).<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુધ્ધિ<br>૮) લેખન શુધ્ધિ ભાષા શુધ્ધિ<br>૯) સંધિ - જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન | ૧૦ |
| | કુલ | ૧૦૦ |

| Paper- II | ENGLISH (MAIN EXAMINATION) | (Descriptive) |
|---|---|---|
| Marks-100 | Medium-English | Time- 3 Hours |

| અનું ક્રમ | અભ્યાસક્રમ વિગત | ફાળવાયેલ ગુણ |
|---|---|---|
| 1 | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words):<br>Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/based on Current Affairs) | 15 |
| 2 | LETTER WRITING (In about 150 words)<br>A formal letter expressing one's opinion about an issue. The Issues can deal with dally office matters/ a problem that has occurred In the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern, etc. | 10 |
| 3 | REPORT WRITING (in about 200 words)<br>A report on an official function/event/field trip/survey etc | 10 |
| 4 | WRITING ON VISUAL INFORMATION (In about150 words): A<br>report on a 10 graph/Image/flow chart/table of comparison/simple statistical data etc. | 10 |
| 5 | FORMAL SPEECH (in about 150 words) A speech (In a formal style) that is to be read out in a formal function. This could be an Inauguration speech, an educational seminar/conference, a formal ceremony of Importance etc. | 5 |
| 6 | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | 10 x 2= 20 |
| 7 | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions | 10 |
| 8 | ENGLISH GRAMMAR<br>a. Tenses<br>b. Voice | 10 |

| | | |
|---|---|---|
| | c. Narration (Direct-Indirect)<br>d Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of Idiomatic expressions<br>1. Administrative Glossary<br>J. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion like homonyms/homophones. | |
| 9 | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | 10 |
| | **Total** | 100 |

| | | |
|---|---|---|
| **Paper-III** | **General Studies (Main Examination)** | **(Descriptive)** |
| **Marks-150** | **Medium-Gujarati** | **Time-3 Hours** |

**(a) History of India**

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion Indus Valley Civilization and Gujarat Vedic Age-Jainism and Buddhism, Nanda Dynasty
2. Maurya and Gupt empires,
3. Vijayanagara Dynasty and Important dynasties of south India.
4. Important dynasties of Gujarat their administration, art, architecture, literature, science and Technologies
5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.
6. Arrival of Europeans in India, establishment and expansion of British rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, ralyatwari and mahalwari. Education system

7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century, factors responsible for the rise of nationalism in India, Indian National Congress
8. Rise of Mahatma Gandhi on the national scene and the Impact of his Ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.
9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration.
10. Indian revolutionaries In India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.
11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, important events.

**(b) Cultural Heritage**

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to archaic times; Salient features of Indian Society.
2. Indian cinema and theatre and its impact on society.
3. Arts and Crafts of Gujarat.
4. Guajarati theatre.
5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications.
6. Coastal culture and tribal culture of Gujarat.

**(c) Geography**

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.
2. Economic History: Primary, Tertiary, Tertiary and Quaternary.
3. Social and Demographic Geography.
4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts, Smart City and Solutions Natural disasters, carbon emissions, pollution disaster Management. Global Response to the problems of climate Change and Environmental Degradation: Key treaties and conventions.

**(d) Science and Technology**

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in application and diffusion of science and technology, role and scope of science and technology in nation building.

2. Information and Communication Technologies (ICT)-fis Importance, Benefits and Challenges, E Governance and policies regarding India, Cybercrime and Cyber Security.
3. India's space Programs-Past, Present and Future Energy Policy and Nuclear Policy of India Importance, benefits and challenges of technology in defence services.
4. Achievements of Indians in the field of science and technology, matters related to Intellectual property rights in the field of science and technology.

**(e) Events of Regional, National and International Importance**

**(f) Indian State System and Constitution**

1. Constitution of India and its salient features.
2. Functions and duties of Union and State Governments of India.
3. Issues and challenges related to federal Structure-Role of Governor in states.
4. Division of Powers between central and State Governments (central List. State List, Concurrent List). Issues and challenges.
5. Important constitutional amendments.
6. Constitutional Institutions and their Role.
7. Parliament and State Legislatures Structure. Functioning Governance. Powers and Special Jurisdictions and Related Topics.
8. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review Public Petitions.

**(g) Public Administration and Governance**

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule.
2. Role of civil service in democracy.
3. Government policies and Interventions, implementation issues and problems with regard to the development of various sectors. Development Process Role of civil society, non-governmental organizations and other stakeholders, statutory, regulatory and various quasi-judicial bodies.
4. Good Governance and e-Governance-Transparency, accountability and sensitivity in governance - Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and Its Importance.
5. Rights related Issues (Human Rights, women's Rights, Rights of Scheduled castes and Scheduled Tribes, Rights of Children) etc.
6. Important international organizations, agencies, various, organizations and their structure

## (h) Discipline in Public Service

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behaviour, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics In public Services, Truthfulness and Accountability-Right to Information Act, Public Services Act and its Implications.
2. Attitude: Basic elements, Functions; its effect on thoughts and behaviour/behaviour and relationship. Character and political attitudes; Social influence and the role of persuasion/promotion.
3. Emotional Intelligence: Concept. Its Usefulness and Applications in Management and Governance.
4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.
5. Ethics related Issues and Challenges-Anti-corruption system, Lokpal, Lokayukta
6. Case study of matter related to the above order (1-5).

## (i) Indian Economy and Planning

1. Indian Economy: Emergence and Development of Planning Practice In India, central and state Government's economic performance, dynamics, challenges, new Initiatives, reforms etc. Important events, developments and social sector Initiatives. Nit Aayog Objectives, Constitution and Functions Social Audit Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.
2. Regulatory Framework for Finance and Banking Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.
3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, central; and state Fiscal Relations. Various Indicators of economy, Indian Important Institutions Involved in public administration The Economy of Gujarat- an Overview; Economy, economic and Social Infrastructure development policies of Gujarat.
4. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies/Schemes in India.
5. External Sector: Trends, Structure and Direction of Foreign Trade. External field Improvements Foreign Institutional Investment (FII) and Foreign Direct Investment (FDI).
6. Comparison with India and other states, Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.
7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications. Social Impact Assessment.

**Appendix – I**

**Syllabus for the Junior Clerk Main Examination 200 Marks Time: 120 Minutes**

| | | |
|---|---|---|
| 1 | English | 20 Marks |
| 2 | Gujarati | 20 Marks |
| 3 | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5 | Economics, Environment, Science and Tech. | 30 Marks |
| 6 | Current affairs and with reasoning | 30 Marks |
| 7 | Reasoning | 40 Marks |
| | **Total** | **200 Marks** |